# શાળાઓમાં ભાવપૂર્વક ગુરૂપૂર્ણિમા ઉજવાઈ



ગાંધીનગર, તા.૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત શ્રીમતી આર.સી. પટેલ હાઈસ્કુલમાં ગુરૂપૂર્ણિમા ઉજવણી કરવામાં આવી. શાળાના ૨૨૩૩ બાળકો અને શિક્ષકગણની ઉપસ્થિતિમાં આ પર્વ ખૂબ જ ધાર્મિક ભાવ સાથે ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે શાળાના આચાર્ય ચુનીભાઈ તથા સુપરવાઈઝરોએ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. શ્રીમતી દેવયાનીબેન શુકલે ગુરૂપૂર્ણિમાનું વિસ્તૃત મહત્વ સમજાવ્યું હતું. પ્રવિણભાઈએ શ્લોક ગાન કર્યું હતું. સભાનું સંચાલન સંજય ત્રિવેદીએ કર્યું હતું.

**• ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજ**

ગુરૂ પૂર્ણિમાના પવિત્ર પર્વ ઉપર શાળાના વિદ્યાથીઓએ શિક્ષકોને પ્રણામ કરી તેમના સ્વાસ્થ્ય અને સુખાકારીની પ્રાર્થના કરી હતી. ગુરૂજનોના સહકાર- સ્નેહ અને ઉપકાર બદલ કૃતજ્ઞતા વ્યક્ત્ કરતાં કુ. કૃપાંશી જહા અને કુ. શિવાની પટેલે ગુરૂ શિષ્યના પવિત્ર સંબંધોની ચિરંજીવી સંભારણું બનાવવા વિદ્યાર્થીઓને અપીલ કરી હતી. આચાર્યશ્રી પ્રદિપભાઈ ગગલાણી અને ડાયરેકટરશ્રી શૈલેષભાઈ પંડ્યા તથા જયેન્દ્રભાઈ પાઠકે વિદ્યાર્થીઓને આર્શિવાદ આપી તેમના ભવ્ય ભવિષ્યની શુભકામના વ્યકત કરી હતી. વિદ્યાર્થીઓને શિક્ષકોને પુષ્પ ગુચ્છ આપી ગુરૂ વંદના કરી આર્શિવાદ લીધા હતા. જીવન નિષ્કંટક નિરામય અને પ્રગતિકારક બની રહે તેવી શુભેચ્છાઓ આપી હતી.

**• જે.એમ.ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય**

ગુરૂપૂર્ણિમાની ઉજવણી શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. આચાર્યશ્રીનું ફુલછડીથી સ્વાગત કરવામાં આવ્યું હતું. ધોરણ-૧૧ની વિદ્યાર્થીની ચંદારાણા હેતલ અને બારોટ પૂર્વિએ ગુરૂ પૂજનનું મહત્વ સમજાવતું વકતવ્ય આપ્યું હતું. ગુરૂવંદના ગીત ચૌધરી અંજુ, ચૌધરી અંજલિ અને ચૌધરી રીયાએ રજૂ કર્યું હતું.

આચાર્યશ્રી પ્રવિણાબોન ચૌધરીએ ગુરૂ પૂર્ણિમા નિમિતે ગુરૂનું મહત્વ સમજાવતું વકતવ્ય આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ચૌધરી અંજુ અને પાટડિયા મોનાલીએ કર્યું હતું. શ્રી અખિલ આંજણ કેળવણી મંડળ ગાંધીનગર સંચાલિત શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય સેકટર-૭ ખાતે ગુરૂવંદના-છાત્ર અભિનંદન કાર્યક્રમ યોજાયો. કેળવણી મંડળના વિવિધ પદાધિકારીઓ, ગોવિંદભાઈ ચૌધરી, સેંધાભાઈ ચૌધરી, મણીભાઈ ચૌધરી, ઈશ્વરભાઈ ચૌધરી શાળાના આચાર્યા સંતોકબેન કે. ચૌધરી પ્રાસંગિક પ્રવચનો કર્યા હતાં. વિદ્યાર્થી જીવનમાં ગુરૂનું સ્થાન અને મહત્વ સમજાવ્યા. બ્રહ્માકુમારી મેઘાદાદી, તૃષાદીદીએ આગામી વર્ષ સફળ થાય તે માટે આશીર્વાદ આપ્યા હતા. ધોરણ-૮ અને ૧૨ના વર્ષ ૨૦૧૧-૧૨માં પ્રથમ, દ્વિતીય, ઉર્તીણ થનારને ઈનામ આપવામાં આવ્યા હતા.

**• કોલવડા કે.કે. પટેલ વિદ્યાલય**

કે.કે. પટેલ વિદ્યાલય કોલવડા ખાતે વિદ્યાર્થીઓને ગુરૂપૂર્ણિમા દિનની ઉજવણી અન્વયે ગુરૂપૂર્ણિમા દિનની ઉજવણી શાળાના આચાર્ય શ્રીમતી ભાવનાબેન વાઘેલાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી. શાળાના વિદ્યાર્થીઓએ ગુરૂ પોતાના વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના ૪૦ વિદ્યાર્થીઓએ ગુરૂ અંગેના પોતાના વકૃત્વમાં આદર્શ ગુરૂનો મહિમા વર્ણવ્યો હતો. શાળા કક્ષાએ ગુરૂપૂર્ણિમા અંગે ગીત સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના શિક્ષિકા પ્રવિણાબેન પ્રજાપતિ તથા પ્રકાશભાઈ પટેલે કર્યું હતું.

**• સ્કૂલ ઓફ એચીવર**

શ્રી એસ.એસ. પટેલ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત 'સ્કૂલ ઓફ એચિવર' કુડાસણ ખાતે અંગ્રેજી-ગુજરાતી માધ્યમના ધો. ૧ થી ૧૨ના વિદ્યાર્થી ભાઈ-બહેનો અને શાળા પરિવારની પ્રેરક ઉપસ્થિતિ વચ્ચે ગુરુપૂર્ણિમા પર્વ ઉત્સાહ અને ભક્તિભાવપૂર્વક ઉજવવામાં આવ્યું.

ધો. ૧ થી ૧૦ ગુજરાતી માધ્યમમાં દરેક વર્ગના વિદ્યાર્થી પ્રતિનિધિ ભાઈ-બહેનો દ્વારા શાળાના આચાર્ય સહ પદાધિકારીશ્રીઓ તથા શિક્ષક ભાઈબહેનોનું સમૂહમાં કંકુ-તિલક અને પુષ્પગુચ્છ અર્પણ કરી પૂજન કરવામાં આવ્યું હતું.

ગુરુવંદના બાદ 'ગુરુદેવ મેરે ચરણો મેં તેરે મુઝકો બિઠા દો' શબ્દોના સુંદર ભાવ-લય સાથે પ્રેયર ડાન્સની પ્રસ્તુતિ ધો. ૬ના માહાત્મ્યને રજૂ કરતા વક્તવ્યો અને સ્તુતિ ગાન કર્યા હતા. ધો. ૧ થી ૩ના બાળ ભૂલકાંઓએ 'મિસરીસે મીઠે હૈ ગુરુ વર કે બોલ' શબ્દો સાથે અભિનય ગીત રજૂ કર્યુ હતું. ત્યાર બાદ ધો. ૪ અને ૫ નાં બાળકોએ ગુરુ શિષ્યની પરંપરાને પ્રેરક પ્રસંગ અભિનય સાથે રજૂ કર્યો હતો. ધો. ૭ અને ૮ ના બાળકોએ 'સ્વર્ગ કા દ્વાર' વિષય અંતર્ગત ગુરુ મહિમાને રજૂ કરતી અભિનય સ્કીટ પ્રસ્તુત કરી હતી. પ્રિ.કે. એસ. પટેલે આશીર્વચન સાથે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. મંત્રોચ્ચાર, પ્રાર્થના, સ્તુતિગાન સાથે સમગ્ર કાર્યક્રમનું સંચાલન ધો. ૮ના દવે ઉન્નતિ પી. તથા ધો. ૯ના પટેલ હર્ષલે સફળતાપૂર્વક કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન સુપરવાઈઝર શ્રીમતી હીનાબેન ત્રિવેદી તથા શ્રીમતી મૌસમી રાઠોડે કર્યું હતું.

## કોપાના વર્ગમાં જોડાવા નિમંત્રણ

ગાંધીનગર, તા. ૩

સંતશ્રી રોહિદાસ સેવા સમાજ, ગાંધીનગરના મંત્રીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, આગામી ઓગષ્ટ-૨૦૧૨ થી સંતશ્રી રોહિદાસ સ્મૃતિ મંદિર અને સેવા સંકુલ સેક્ટર-૬ ખાતે કોપાના વર્ગ શરૂ કરવામાં આવશે. કોપાના વર્ગમાં જોડાવા માગતા વિદ્યાર્થીઓએ સંસ્થાના પ્રમુખ કે મંત્રીનો સંપર્ક કરવો તેમ જણાવાયું છે. ઓગષ્ટ મહિનામાં સંત શ્રી રોહિદાસ સેવા સંકુલ ખાતે એક વર્ષ માટે કોપાના ક્લાસ શરૂ થવાના છે. આગામી દિવસોમાં તેની પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ જશે.

સંસ્થામાં શરૂ થતા કોપાના વર્ગમાં તાલીમ મેળવવા માગતા વિદ્યાર્થીઓએ સંસ્થાના પ્રમુખ મુલચંદભાઈ રાઠોડ અથવા મંત્રી અનિલભાઈ પરમારનો સંપર્ક સાધવો.

## આદર્શ નિવાસી શાળાને ભારતીય સ્ટેટ બેંક દ્વારા ૧૦ પંખાઓની ભેટ



ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરની ઈન્ફોસીટી શાખાની ભારતીયસ્ટેટ બેંકે તાજેતરમાં સેક્ટર-૮ સ્થિત આદર્શ નિવાસી શાળા (અ.જા.)માં પંખાની ભેટ આપી હતી.

ભારતીય સ્ટેટ બેંક દ્વારા આદર્શ નિવાસી શાળા (અ.જા.કુમાર) સેક્ટર-૮ માં ૧૦ પંખાઓ ભેટ સ્વરૂપે આપવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓને અભ્યાસમાં ગરમી કે બફારાનો અહેસાસ ન થાય તે માટે ઈન્ફોસીટી શાખાના બ્રાન્ચ મેનેજર નીતિન ઠાકર અને અન્ય અધિકારીઓ દ્વારા શાળાને આ સવલત પુરી પાડવામાં આવી હતી. શાળાના આચાર્યા કટારાબહેને આમંત્રિત મહેમાનોનું હાર્દિક સ્વાગત કરીને શાળામાં પંખાની સુવિધા ઉપલબ્ધ કરવા બદલ ભારતીય સ્ટેટ બેંકનો આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે બ્રાન્ચ મેનેજરે શાળાના વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. શાળાના જી.એસ. કિશન મકવાણાએ શાળા વતી પંખાની ભેટને સ્વીકારી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તથા આભારવિધિ ડી.એ. પટેલે કરી હતી.

## 'આપણો ભેરૂબંધ નરેન્દ્ર મોદી' નામક પુસ્તકનું વિમોચન કરાયું

### પ્રજાલક્ષી યોજના સફળ રહી : વજુભાઈ

ગાંધીનગર, તા.૩

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની આંતરરાષ્ટ્રીય પ્રતિભાને 'આપણો ભેરૂબંધ નરેન્દ્ર મોદી' પુસ્તક દ્વારા પ્રજા સમક્ષ મૂકવાનું આવકારપાત્ર કાર્ય કર્યું છે તેમ નાણાંમંત્રી વજુભાઈ વાળાએ જણાવ્યું છે.

ડૉ. જશભાઈ પટેલ લિખિત 'આપણો ભેરૂબંધ નરેન્દ્ર મોદી' પુસ્તકનું ગાંધીનગર ખાતે વિમોચન કરતાં નાણાંમંત્રીએ કહ્યું કે, મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળનું ગતિશીલ વહીવટીતંત્ર અને તેમના સબળ રાજનૈતિક માર્ગદર્શનના પરિણામે રાજ્યના છેવાડાના નાગરિકો સુધી પ્રજાલક્ષી યોજનાઓ સફળતાપૂર્વક પહોંચી છે. મોદીએ ભારતીય સંસ્કૃતિના સંસ્કાર સંવર્ધનની સાથોસાથ આધુનિક ટેકનોલોજીના માધ્યમથી ગુજરાતનો વિકાસ કરવાનો ઉમદા સંકલ્પ રાખ્યો છે જે પરિણામલક્ષી બન્યો છે.

લેખકનું કાર્ય સંસ્કારી સમાજનું ઘડતર કરવાનું છે તે માટે લખવાનું છે તેમ ભારપૂર્વક જણાવી મંત્રી વજુભાઈ વાળાએ રાજ્યમાં અમલી બનેલી સરકારની કલ્યાણકારી યોજનાઓની વિસ્તૃત ઝલક આપી હતી.

## વિકલાંગતા ધરાવતા વિદ્યાર્થીઓને વિકલાંગ શિષ્યવૃત્તિ જોગ

ગાંધીનગર, તા. ૩

સમાજ સુરક્ષા ખાતું, ગુજરાત રાજય, ગાંધીનગર દ્વારા -તિ વર્ષ અસ્થિ વિષયક, દ્રષ્ટિહીન, શ્રવણમંદ તથા મંદબુદ્ધિ જેવી વિકલાંગતા ધરાવતા શાળા, કોલેજ અને અન્ય શૈક્ષણિક સંસ્થાઅમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને વિકલાંગ શિષ્યવૃતિ આપવામાં આવે છે. જે અંતર્ગત વર્ષ-૨૦૧૨-૧૩ના વર્ષ માટે જે વિકલાંગ વિદ્યાર્થીઓના વાલીની વાર્ષિક આવક મર્યાદા રૂપિયા ૫૦,૦૦૦/- થી ઓછી હોય તેવા વિકલાંગ વિદ્યાર્થીઓ વિકલાંગ શિષ્યવૃતિ યોજના અન્વયે નિયત નમુનામાં અરજીઓ કરી શકે છે. આ અરજી ફોર્મ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી, એમ.એસ.બિલ્ડીંગ, બી-બ્લોક, ભોયતળીયે, સેકટર-૧૧, ગાંધીનગરની કચેરી માંથી વિના મૂલ્ય શાળા- કોલેજના લેખિત આધાર રજુ કરવાથી મળીશે. તેમજ ભરેલા ફાર્મ મોડામાં મોડા તા. ૩૧મી ઓગષ્ટ-૨૦૧૨ સુધીમાં પરત કરવાના રહેશે.

જિલ્લા શિક્ષણ સમિતિ હસ્તક -ાથમિક શાળા ધોરણ ૧ થી ૮ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના ભરેલ અરજી ફોર્મ શાળાઓએ તેઓની પગાર કેન્દ્ર શાળા મારફતે તથા ધોરણ ૧ થી ૮ ગ્રાન્ટેડ/ખાનગી શાળાઓના તેમજ ધોરણ-૯ કે તેથી ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ભરેલ અરજીફોર્મ શાળા/સંસ્થા દ્વારા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી, ગાંધીનગરને મોકલી આપવાના રહેશે. આ શિષ્યવૃતિ યોજના અંતર્ગત ધોરણ - ૧ થી ૭ સુધી ના વિદ્યાર્થીને રૂપિયા ૧૦૦૦/-, ધોરણ - ૮ થી ૧૨ અને સમકક્ષ આઈ.ટી.આઈ સુધી ના વિદ્યાર્થીને રૂપિયા ૧૫૦૦/- અને હોસ્ટેલમાં રહેતા હોય તેવા વિદ્યાર્થીઓને રૂપિયા ૨૦૦૦/-, બી.એ/બી.કોમ/બી.એસ.સી/સમકક્ષ ડીગ્રી અભ્યાસક્રમ ના વિદ્યાર્થીને રૂપિયા ૨૫૦૦/- અને હોસ્ટેલમાં રહેતાં હોય તેવા વિદ્યાર્થીઓ માટે રૂપિયા ૨૫૦૦/-, બીઈ/બી.ટેક/એમ.બી.બી.એસ/એલ.એલ.બી/બી.એડ/ડિપ્લોમાં ઈન -ોફેશનલ એન્ડ એન્જી. સ્ટડી વિગેરે ઈન પ્લાન્ટ ટ્રેનીગ ના વિદ્યાર્થીને રૂપિયા ૩૦૦૦/- આપવામાં આવશે.

**યુથ કેમ્પસ** - ધ્વનિલ પારેખ

## ત્યારનું ત્યારે જોવાશે, ભાઈ !

સામાન્ય રીતે શિક્ષણક્ષેત્રે એવું જોવા મળતું હોય છે, કે નવો અભ્યાસક્રમ દાખલ થાય તો એની માહિતી જે તે વિષયના શિક્ષકો પાસે પહેલાં હોય છે અથવા તો એમને એ બાબતે માહિતગાર કરવામાં આવે છે. પણ પ્રાથમિક શિક્ષણક્ષેત્રે અત્યારે ઉલ્ટી ગંગા જોવામાં આવી છે. બન્યું છે એવું કે - પ્રાથમિક શિક્ષણનો અભ્યાસક્રમ જડમૂળમાંથી બદલવામાં આવ્યો છે. (એ જડમૂળમાંથી બદલાય એ જરૂરી હતું, એ માટે શિક્ષણખાતાને અભિનંદન તો આપવા જ પડે !) પણ એ ભણાવનારા શિક્ષકોને એની બહુ માહિતી હોય એવું જણાતું નથી.

વાત કંઈક આમ છે. પ્રાથમિક શિક્ષણ આપનારા શિક્ષકોને નવા અભ્યાસક્રમની માહિતી નથી. પ્રાથમિક શાળામાં શિક્ષક બનવાની ખ્વાહીશ ધરાવનારે પીટીસીની પરીક્ષા પાસ કરવી પડે છે. આ પીટીસીની પદ્‌વી મળે એટલે એ પ્રાથમિક શાળામાં શિક્ષક થઈ શકે. હવે, પરિસ્થિતિ એવી નિર્માણ થઈ છે કે, પીટીસીનો અભ્યાસ કરનાર વિદ્યાર્થી જૂનો અભ્યાસક્રમ શીખે છે. એ વિદ્યાર્થી ઉત્તીર્ણ થઈને કોઈ શાળામાં શિક્ષક તરીકે દાખલ થાય તો એણે પ્રાથમિક શાળાના બાળકોને નવા અભ્યાસક્રમ પ્રમાણે ભણાવાનું બનશે. (હવે, ભણેલો આમાં કયાં ઘણાં વર્ણો ગાયબ થઈ ગયા હોય છે. 'ગ' અને 'ઘ', 'ડ' અને 'દ', 'ઠ' અને 'થ', 'ટ' અને 'ત', 'લ', 'ળ' અને 'ર' - આ બધાં વર્ણોનું પોતાનું અસ્તિત્વ છે અને એકબીજાથી ભિન્ન છે. એ બધું લોપ પામે છે, ભિન્નતાની સરહદો તૂટી જાય છે, 'માળ' અને 'માલ' પછી બધું સરખું થઈ જાય છે, આ બધાં વચ્ચે 'શ', 'સ' અને 'ષ' ની તો મોંકાણ જ કયાં માંડવી ?

આ હકીકત છે, કે પ્રાથમિક શિક્ષણની જે ઘોર અવગણના કરવામાં આવે છે એ આગળ જતાં વિદ્યાર્થી માટે નુકશાનકારક સાબિત થાય છે. ભણાવનાર શિક્ષકને જ ખબર ન હોય કે, એણે શું ભણાવવાનું છે પછી તો 'આંધળે બહેરાં કૂટાતાં' રહેવાનાં ! પણ એ ખ્યાલ કેમ નથી આવતો કે આ કૂટાવામાં શિક્ષણની ઘોર ખોદાઈ રહી છે અને કૂમળું માનસ ધરાવતાં પ્રાથમિક શાળાના બાળકો સાથે પણ એવો જ ઘોર અન્યાય કરવામાં આવે છે. પણ હવે આવી બધી ફીકર-ચિંતા છે કોને? જે થવાનું હોય તે થાય, આપણે આપણી રીતે ચલાવીએ રાખો અને જે કંઈ તરંગ - તુક્કા ઊભા થાય એને ઝીંક્યે રાખો.

પાયાના શિક્ષણની જયાં અવગણના કરવામાં આવે છે, ત્યાં ઉચ્ચ શિક્ષણ વધુ મજબૂત બને એવી



મેળ પડવાનો હતો ? પ્રાથમિક શિક્ષણ આમ જ કંગાળ થતું જાય છે ભાઈ !) પ્રાથમિક શિક્ષણ એ પાયાનું શિક્ષણ ગણાય છે.

આમ તો સમગ્ર શાળાકીય શિક્ષણને પાયાનું શિક્ષણ ગણવું જોઈએ. શાળાકીય શિક્ષણ પ્રાપ્ત કર્યા પછી વિદ્યાર્થી કૉલેજોમાં પ્રવેશ મેળવે છે ત્યારે અમુક બાબતોથી એ સજ્જ હશે એવી અપેક્ષા રાખવામાં આવે છે. પણ ખેદપૂર્વક કહેવું જોઈએ કે અમુક બાબતોને બાજુ પર મુકીએ જે અત્યંત આવશ્યક છે એ પણ વિદ્યાર્થીને ખબર હોતી નથી. કૉલેજમાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીને તમે 'કક્કો' પૂછી જુઓ. એનું મોઢું બંધ થઈ જશે. બાળમંદિરથી વિદ્યાર્થીને 'કક્કા' સાથે પનારો પડતો આવ છે પણ એ પનારો એવો તો કાચો હોય છે કે કૉલેજમાં દાખલ થતા સુધીમાં એ 'કક્કા' માંથી અપેક્ષા રાખવી વ્યર્થ છે, પાયો નબળો તો ઈમારત નબળી જેવી વાત અહીં પણ એટલી જ લાગુ પડે છે. પ્રાથમિક શિક્ષણનો અભ્યાસક્રમ બદલવામાં આવે એની સામે કોઈ વાંધો જ નથી પણ એ નવો બદલાયેલો અભ્યાસક્રમ જે તે શિક્ષકને ખબર પડે, શિક્ષક એ અભ્યાસક્રમથી અવગત થાય, એ પોતાની અંદર ઊતારે તો જ એ બાળકો સુધી સારી રીતે પહોંચાડી શકે. પણ આપણે આ આપણી પ્રક્રિયા સમજતા જ નથી. શિક્ષકે બસ વર્ગમાં પિસ્તાળીસ મિનિટ જઈને જે કંઈ પણ મનમાં આવે એ વલોવી નાખવાનું, એમાં જ ઈતિશ્રી માની છે. આપણે આમજ ઈતિશ્રી માનતા રહીશું તો સરવાળે શિક્ષણની ઈતિશ્રી પણ આવી પહોંચશે અને ત્યારે... (ત્યારનું ત્યારે જોવાશે, ભાઈ !)

# નાદ બ્રહ્મ છે અને મનુષ્યનું અંતઃકરણ બ્રહ્મસ્વરૂપ છે

**સંગીત દર્શન** - ડો. ગૌરાંગ ભાવસાર

**॥ સમસ્ત સૃષ્ટિનો આધાર નાદ છે - ૧ ॥**

પ્રત્યેક કલાની અભિવ્યક્તિના વિભિન્ન માધ્યમ છે. જેવી રીતે ચિત્રકલાનું માધ્યમ આકૃતિ અને રંગ, કાવ્યનું માધ્યમ શબ્દ અને ધ્વનિ, તે જ પ્રકારે સંગીતની અભિવ્યક્તિનું માધ્યમ ધ્વનિ છે. વાદ્ય સંગીત તથા મુક્ત આલાપ વગેરેનું માધ્યમ ફક્ત ધ્વનિ છે. પદબદ્ધ સંગીત જેમ કે ધ્રુપદ, ખ્યાલ વગેરેનું માધ્યમ ધ્વનિ અને સાહિત્ય (કવિતા) બંને છે. પરંતુ તેમાં પ્રધાનતા ધ્વનિ છે. ધ્વનિ જ રાગને પ્રગટ કરવાવાળું માધ્યમ છે. ધ્વનિ દ્વારા વિભિન્ન ભાવોને પ્રદર્શિત કરવામાં આવે છે. વિભિન્ન ભાવોને પ્રગટ કરવાવાળો ધ્વનિ જ સંગીતનો જન્મદાતા છે. આ ધ્વનિને આપણે નાદ કહીએ છીએ. સંગીતનું માધ્યમ અતિસૂક્ષ્મ છે. તેની સૃષ્ટિ નાદથી થઈ છે. નાદ બ્રહ્મ છે અને મનુષ્યનું અંતઃકરણ બ્રહ્મસ્વરૂપ છે. 'નદ્' ધાતુથી ઉત્પન્ન શબ્દ નાદનો અર્થ અવ્યક્ત ધ્વનિ છે.

*'નકારં પ્રાણનામાનં તકારમતલં વિદુઃ।*

*જાતઃ પ્રણાગ્નિ સંયોગત્તને નાદોઽભિધીયતે॥'*

-સંગીત રત્નાકર

નકાર એટલે વાયુ (પ્રાણ) અને દકાર એટલે અગ્નિ. આ બંને તત્ત્વોના સંયોગથી નાદની ઉત્પત્તિ થઈ છે. માનવ શરીરમાં કુદરતી રીતે સ્થિત કંઠ અથવા ધ્વનિ તે નાદ છે. તેથી જ માનવ શરીરથી નાદ અને નાદથી ગીતની ઉત્પત્તિ માનવામાં આવે છે. તેથી જ ગીત શબ્દને 'શરીરજ ગીત' કહ્યું છે. જ્યારે મનુષ્ય નિર્મિત વાદ્યમાં ગીતની અભિવ્યક્તિ ન કરતા ફક્ત નાદની જ અભિવ્યક્તિ કરી શકીએ છીએ. શાસ્ત્રોમાં નાદના આઠ પ્રકાર દર્શાવ્યા છે, જેનો સંબંધ આઠ દિશાઓથી માનવામાં આવે છે, જેમાં 'ઘોષ, રવ, શબ્દ, સ્વન, સ્ફોર, ધ્વનિ, ઝંકાર અને ધ્વંકૃત' આ બધાનો એક નાદ જેને મહાનાદ કહેવામાં આવે છે. સંગીત આ મહાનાદની એક ઉચ્ચતમ શાખા છે.

ઉપનિષદમાં કહ્યું છે કે 'સંગીત એ ઈશ્વરીય વાણી છે' તેથી તે બ્રહ્મરૂપ છે. બ્રહ્મ એ એક અખંડ અદ્વિતીય હોવા છતાં પણ તે પરબ્રહ્મ અને શબ્દબ્રહ્મ એ બે રૂપોમાં કલ્પિત છે. શબ્દબ્રહ્મને સમજી લેવાથી પરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે.

'શબ્દબ્રહ્માણિ નિષ્ણાતઃ પરબ્રહ્માધિગચ્છતિ।'

નાદબિન્દુ ઉપનિષદમાં સંગીતરૂપી મહાનાદની ઉપાસના કરવાથી મોક્ષ પ્રાપ્ત થાય છે અને કહ્યું છે કે, 'ભમરો ફૂલોનો રસ ગ્રહણ કરતાં ફૂલોની સુગંધની આશા રાખતો નથી એ જ રીતે નાદમાં રૂચિ રાખવાથી ચિત્ત વિષયવાસનાની ઈચ્છા કરતું નથી. પરંતુ નાદમાં આસક્ત બનેલું ચિત્ત સર્વ પ્રકારની ચંચળતાને વિસરી જાય છે. સંસારની ચંચળતાઓથી અળગા થયેલા મનની એકાગ્રતામાં વૃદ્ધિ થાય છે અને વિષયવાસના પ્રતિ અરૂચિ પ્રગટવા લાગે છે.'

યોગ તારંગિનીમાં કહ્યું છે કે,

*'ન નાદેન વિના જ્ઞાન ન નાદેન વિના શિવઃ।*

*નાદરૂપં પરં જ્યોતિર્નાદ રૂપી યજ્ઞે હરિઃ॥'*

નાદ વિના જ્ઞાન હોતું નથી, નાદ વિના શિવનું મિલન થતું નથી, નાદ વિના જ્યોતિનું દર્શન સંભવિત નથી. નાદ જ ખરેખર પરબ્રહ્મ છે.

હઠયોગ પ્રદીપિકા ગ્રંથમાં લખ્યું છે કે,

*'સદા નાદાનુસન્ધા ત્ક્ષીયન્તે પાપસંચયાઃ।*

*નિરંજને વિલીયતે નિશ્ચિતં ચિત્ત મારૂતૌ॥'*

સદા સર્વદા નાદ અનુસંધાન કરવાથી સંચિત પાપકર્મોનો સમૂહ નષ્ટ થઈ જાય છે. પછી નિર્ગુણ અને ચૈતન્ય બ્રહ્મમાં પ્રાણ નિશ્ચિત રૂપે વિલીન થઈ જાય છે.

આમ, આપણા ઉપનિષદો તથા પ્રાચીન સંસ્કૃત ગ્રંથોમાં નાદ અને નાદ ઉપાસના વિશે અનંતગણું વિવેચન જોવા મળે છે. વેદોની જે ઋચાઓ પણ છંદબદ્ધ રીતે ગાવામાં આવતી હતી, તેના ફળસ્વરૂપે જ યજ્ઞોનું ફળ મળતું હતું. આ મહાશક્તિ નાદમાં છૂપાયેલી છે. બ્રહ્માંડમાં અત્ર, તત્ર અને સર્વત્ર નાદ વિદ્યમાન છે. નાદ વગર સૃષ્ટિનું સંચાલન શક્ય નથી. આ સર્વવિદિત બાબત છે પરંતુ મનુષ્યોએ સંગીત દ્વારા નાદની ઉપાસના કરવી જોઈએ. ચાહે તે ભક્તિ સંગીત હોય, શાસ્ત્રીય સંગીત હોય કે પછી લોકસંગીત હોય. વર્તમાન સમયમાં અતિ વ્યસ્ત માનવ પાસે પરમાત્માએ સંગીતરૂપી અમૂલ્ય વિદ્યા આપી છે.

આ વિદ્યાને આત્મસાત કરીને અથવા તેનું શ્રવણ કરીને આજનો માનવ અવશ્ય ચિંતા, વિકારો, દુઃખ વગેરેમાંથી મુક્ત થઈને પરમતત્ત્વ તરફ જોડાઈ શકે છે. નાદના મુખ્ય બે પ્રકારો છે : ૧) આહત નાદ જે ઘર્ષણ કે ટકરાવથી ઉત્પન્ન થાય છે, જે સંગીત ઉપયોગી નાદ છે. ૨) અનાહત નાદ. આ નાદ સ્વયંસ્ફૂરિત નાદ છે જેને સ્વયંભૂગંધાર પણ કહે છે, જે યોગીઓની સાધનામાં ઉપયોગી છે. આ નાદ અંતઃકરણમાં ઉત્પન્ન થાય છે. કાનને આંગળીઓથી બંધ કરવામાં આવે અને જે ધ્વનિનો અનુભવ આપણે કરીએ તે અનાહત નાદ છે. અનાહત નાદને અવ્યક્ત ધ્વનિ પણ કહે છે. આ નાદ સંગીત ઉપયોગી નથી.



